# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૦૨/૯/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# વર્ક અને લાઈફ વચ્ચે બેલેન્સ કરવા માટે માઈન્ડ સેટમાં પરિવર્તન લાવવાની જરૂર છે

ચેમ્બર દ્વારા યોજાયેલા 'લાઈફ મેપીગ' વિશેના યુનિક પ્રોગ્રામમાં શ્રી લુકમાન કાઝીએ હેતુલક્ષી વકતવ્ય રજૂ કર્યુ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવારે, તા. ૩૧ ઓગષ્ટ ૨૦૧૯ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'લાઈફ મેપીગ' વિષય ઉપર યુનિક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં નિષ્ણાંત વકતા તરીકે પૂણેના ઇન્ટરનેશનલ કોચ શ્રી લુકમાન કાઝીએ વર્ક અને લાઇફ વચ્ચે કઈ રીતે બેલેન્સ કરવું તે વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના માનદ્દ મંત્રી શ્રી ધીરેન થરનારીએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્દબોધનમાં જણાવ્યુ હતુ કે, લાઇફની અંદર બેલેન્સીગમાં પ્રોબ્લેમ થઇ જાય છે. કયારેક વધારે પડતા કામને કારણે લાઇફ એન્જોય કરી શકાતી નથી. તો કયારેક કામ પુરુ કરવાનું બાકી રહી જાય છે. આથી વર્ક અને કામ બંને બેલેન્સ થઇ શકે તે માટે આજના વકતા માર્ગદર્શન આપશે.

શ્રી લુકમાન કાઝીએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, વર્ક અને લાઇફ વચ્ચે બેલેન્સ કરવા માટે આપણે માઇન્ડ સેટમાં પરિવર્તન લાવવાની જરૂર છે. પણ પરિવર્તન લાવવું સરળ નથી. પરિવર્તન માટે થોડી તકલીફનો સામનો કરવો પડે છે. મન પરિવર્તનની પ્રક્રિયામાં થાકી જશે પણ તે સમયે તમારી વીલ પાવર મજબુત કરવી પડશે. પોતાના ઇમ્પ્રુવમેન્ટ માટે તેમજ નવી સ્કીલ શીખવા માટે દરરોજ દિવસમાં માત્ર પાંચ મિનિટ કાઢવાની જરૂર છે. અન્ય પાંચ મિનિટ બીજા લોકોની સાથે સારા વર્તણૂક માટે કાઢો. પોતાના બેટરમેન્ટ માટે મોટા સ્ટેપ્સને બદલે નાના – નાના સ્ટેપ્સ લઇને આગળ વધો અને નવું શીખું. અન્યોની સાથે સારી વર્તણૂક માટે તેઓમાં ખામીને બદલે સારુપણ શોધો.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે પોતાનું લક્ષ્ય નકકી કરો. પાંચ વર્ષ બાદ તમે કયાં અને કઈ પોસ્ટ પર રહેશો તે નકકી કરો. રીચર્ડ બાચ કહે છે કે વિશ્વમાં ૯૭ ટકા લોકોની પાસે લક્ષ્ય નથી. માત્ર ૩ ટકા લોકો લક્ષ્ય નકકી કરે છે અને સફળ વ્યકિત બનીને શાસન કરે છે. જીવનમાં રૂપિયા કમાવવાનો સૌથી મહત્વનો ગોલ હોય છે, પરંતુ માત્ર રૂપિયા કમાવવા માટે આખો સમય નહી ફાળવો. પોતાની હેલ્થ અને પરિવાર માટે પણ સમય કાઢશો તો તેનુ મુલ્ય જળવાઇ રહેશે.

ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલ અને કન્વીનર શ્રી બિજલ જરીવાલાએ પ્રાસંગિક વિધી કરી હતી. વકતાશ્રીએ લોકોના સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. ચેમ્બરની એફએમસીજી–રીટેલ ટ્રેડ કમિટીના ચેરમેન શ્રી રાકેશ પોપાવાલાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયુ હતુ.